દાવો રજુ કર્યા તારીખ : ૨૦/૧૨/૨૦૧૯
દાવો દાખલ કર્યા તારીખ : ૨૦/૧૨/૨૦૧૯
દાવો ફેંસલ કર્યા તારીખ : ૩૧/૦૭/૨૦૨૬
સમયગાળો :-૧૧ દિવસ,૦૭-માસ, ૦૬ -વર્ષ

**કોડીનારના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ એન્ડ એડી.ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, કોડીનાર, (જી.ગીર સોમનાથ).**

**R.C.S.No-1507/2019**

**EXH.**

દાનાભાઈ ઉર્ફે દાનસીંહ રાણાભાઈ મોરી, ઉ.વ.૫૮, ધંધો-ખેતી,
રે. દેવળી, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ. **....વાદી**

**-:: વિરૂધ્ધ ::-**

(૧)નાયબ ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ. સબ ડીવીઝન-૨,
મુકામ-કોડીનાર. જી. ગીરસોમનાથ.
(૨)પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. મુકામ રાજકોટ,
સમન્સ થુ:-ચીફ એન્જીનીયરશ્રી, લક્ષ્મીનગર નગર મેઈન રોડ,
નાના મવા રોડ, મુ. રાજકોટ. **....પ્રતિવાદી**

**દાવો :- રૂા. ૧,૫૦,૦૦૦/-** ના આંકથી રકમ વસુલ મેળવવા બાબત.

---

| | | |
|---|---|---|
| વાદી તરફે | : | વિ.વ.શ્રી એમ.જે.સૈયદ, |
| પ્રતિવાદી તરફે | : | વિ.વ.શ્રી એમ.જે.કુબાવત, |

---

**-:: ચુકાદો ::-**

**(૧)** વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,"અમો વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન કોડીનાર તાલુકાના મીતીયાજ ગામે ખાતા નં. ૧૦૮૧, સ.ન.૪૧૫ પૈકી -૧ ની હે.આરે.ચો.મી.૦-૯૯-૦૬ ની જેનો આકાર ૪-૧૨ ની આવેલ છે. અમો વાદી તેમા જાતે ખેતી કરી અમારા કુટુંબનુ ગુજરાત ચલાવીએ છીએ.અમો વાદીની ઉપરોકત ખેતીની જમીનમાં નવેમ્બર ૨૦૧૮ ના અરસામા અમોએ ૫૭૧ ની જાતની શેરડીનુ વાવેતર કરેલ હતુ. અમો અમારી જમીનમા ઈલે.કનેકશન ધરાવીએ છીએ. જેનો ગ્રાહક ન. ૮૭૪૭૪/૦૦૮૪૯૭ છે. અમોની જમીનમા કુવો પણ છે. અને તે રીતે અમારી જમીન પીયતની છે . અમોએ અમારી

જમીનમા શેરડીનુ વાવેતર કર્યા બાદ ખાતર, દવા, પાણી પાઈ વગેરે માવજત કરી શેરડીનો પાક તૈયાર કરેલો હતો. તે પાક ડીસેમ્બર ૨૦૧૯ મા સંપૂર્ણપણે તૈયાર થઈ જવાનો હતો અને અમારો શેરડીનો પાક તૈયાર થયેલ હતો ત્યારે આ કામના પ્રતિવાદીઓની ૧૧ કે.વી. લાઈન જે ભારે દબાણની લાઈન ફાફણી એ.જી. ફીડર દાનાભાઈ રાણાભાઈ મોરીના ખેતર તરફ અમો વાદીના ખેતરમાથી પસાર થાય છે જે અમારા શેઢેથી પસાર થાય છે તેમા ૩ વાયરો છે. તે લાઈન ગાંડા કાના મોરીની વાવ તરફ જાય છે. સદર પોલ પીનસેકસ પોલ છે. જેમા ૩ વાયરો છે તેમાથી એક વાયર તુટી ગયેલ અને સાથે એક વાયર થોડો જમીન તરફ ઢળી પડેલ હતો અને તેમા સ્પાર્ક થવાના કારણે અમારો તૈયાર શેરડીના વાડ ઉપર તા. ૨૪/૯/૧૯ ના રોજ બપોરના ૩ વાગ્યાની આસપાસ સ્પાર્ક થતા અમારો શેરડીનો વાડ સળગી ગયેલ. અમોએ શેરડીનો અમારો વાડ ઓલવવા પ્રયત્નો કરેલા. જેમા અમારુ ૪ વિઘાનુ શેરડીનુ વાવેતર હતુ તેમાથી ૨ વિઘાની શેરડી સંપૂર્ણ બળી ગયેલ, ૨ વિઘાની શેરડી થોડા નુકશાન સાથે બચાવેલ હતી. સદર બળી ગયેલ બે વિઘાની શેરડી સંપૂર્ણ નકામી થઈ ગયેલ હતી. અને ફેકટર વર્ષોથી બંધ છે અને રાબડા હજુ શરુ થયેલ ન હતા. જેથી અમારી બળી ગયેલ શેરડી ખાતરમા નાખી દેવી પડેલ. તે રીતે અમોને ૨ વિઘાની શેરડીના પાકનુ નુકશાન થયેલ છે.અમો અમારી જમીનમા ઘણા વર્ષોથી શેરડીનુ વાવેતર કરીએ છીએ. અમારા મીતીયાજ ગામની જમીન ઘણી ફળદ્રુપ અને સારી છે. અમારી સારી જમીનમા શેરડીનુ ઉત્પાદન વિઘે ૩૦ મેટ્રીકટન થાય છે. અને તે રીતે અમારી બે વિઘાની શેરડી બળી જતા ૬૦ મેટ્રીકટન શેરડીનુ અમોને નુકશાન થયેલ છે. તે શેરડી અમારે રાબડામા મોકલવાની હતી અને તેમા શેરડીનો ભાવ એક મેટ્રીક ટનના ઓછામા ઓછા રૂા.૨૨૦૦૦ આવવાના હતા. તે રીતે અમારી ૧,૩૨,૦૦૦/-ની શેરડી સંપૂર્ણ બળી ગયેલ છે. તથા અમારી શેરડીના આગળા તથા પત્રી પણ સંપૂર્ણ બળી ગયેલ છે તેમાથી ઓછામા ઓછા રૂા. ૧૮૦૦૦/-નુ વેચાણ થયેલ હોત, અને તે રીતે અમોને રૂા. ૧,૫૦,૦૦૦/- નુ નુકશાન થયેલ છે. જે નુકશાન અમોને ચુકવવા પ્રતિવાદીઓ જવાબદાર છે.કોડીનારમા પ્રથમ કોડીનાર રુરલ ઈલેકટ્રીસીટી બોર્ડ હતુ, જે વિદ્યુત પુરવઠો પુરો પાડવાનુ કામકાજ કરતુ હતુ. ત્યારબાદ કોડીનાર તાલુકો જી.ઈ.બી.ને સોપવામા આવેલ. અને જી.ઈ.બી.નુ જુદી જુદી કંપનીઓમા રૂપાંતર થયેલ અને તેમા કોડીનાર તાલુકોનો પશ્ચિમ ગુજરાત વિજ કંપનીમા સમાવેશ કરવામા આવેલ છે. પ્રથમ જીઈબી સમગ્ર ગુજરાત રાજયના જુદા જુદા શહેરોમા ખેતીવાડી, ઉદ્યોગો, રહેણાંક વિગેરેના હેતુ માટે થાભલામાંથી લાઈનો વગેરે નાખી વીજ જોડાણ આપી ગ્રાહકો પાસેથી તેનો ચાર્જ લઈ વિજપુરવઠો પુરો પાડતા હતા. ત્યારબાદ કોડીનાર તાલુકો પશ્ચિમ વિજ કંપની વિભાગમા આવેલ. કોડીનાર તાલુકામા વિજ પ્રવાહની વિતરણની કાર્યવાહી તથા થાંભલા, લાઈનો વગેરે નાખવાની તેમજ તે લાઈનોનુ

મેન્ટેન્સ કરવાની જવાબદારી આ કામના પ્રતિવાદી નં.ર દવારા પ્રતિવાદી નં. ૧ ના અધિકારીઓએ કરવાની હોય છે. પ્રતિવાદીઓએ ઈલેકટ્રીક લાઈન, થાંભલા વગેરે ઈન્ડીયન ઈલેકટ્રીસીટી રુલ્સ મુજબ રાખવાના હોય છે અને તે રીતે તેનો નિભાવ કરવાનો હોય છે.કોડીનાર તાલુકામા વિજ લાઈનો જર્જરીત છે તેને બદલવાની જરૂરત હોવા છતા તેવી લાઈનો નિયમીતરીતે બદલવામા આવતી નથી અને તેવી લાઈનોમા નિયમ કરતા વધુ વીજ પુરવઠો પસાર કરવામા આવે છે. જેના કારણે કોડીનાર તાલુકામા વારંવાર વાયર તુટવા અને લાગ લાગવાના તથા જાનહાનીના અને મીલકતોને નુકશાનીના બનાવો બને છે. અને તે અંગે વારંવાર રજુઆતો કરવા છતા પ્રતિવાદીના અધિકારીઓ લાઈનો બદલતા નથી કે તેની યોગ્ય જાળવણી કરતા નથી, આ રીતે પ્રતિવાદીઓ લાઈનો જાળવણીમા બેદરકારી રાખે છે. અમારા ખેતરમા વાયર તુટી જવાથી સ્પાર્ક થતા અમારા ખેતરમાં શેરડીના પાકમા આગ લાગવાથી અમોને નુકશાન થયેલ છે. સદર બનાવ પ્રતિવાદીઓની બેદરકારીના કારણે બનેલ હોય પ્રતિવાદીઓ અમોને નુકશાની વળતર ચુકવવા જવાબદાર છે. જો પ્રતિવાદીઓએ લાઈનની યોગ્ય જાળવણી કરેલ હોત તો હાલનો બનાવ બનત નહિ અને તે રીતે પ્રતિવાદીઓની બેદરકારીના કારણે અમોને નુકશાન થયેલ હોય, પ્રતિવાદીઓ અમોને વળતર ચુકવવા જવાબદાર થયેલ હોય અમોએ પ્રતિવાદીઓ પાસેથી રૂા. ૧,૫૦,૦૦૦/- મેળવવા હાલનો દાવો કરેલ છે."

(૨) વાદીના દાવાના સમન્સ/નોટીસની પ્રતિવાદીઓને ધોરણસર બજવણી કરવામાં આવેલ સમન્સ/નોટીસ બજી જતા પ્રતિવાદીઓ જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા અને આંક- થી વાદીના દાવાનો જવાબ રજુ કરેલ છે.

(૩) આ કામે પ્રતિવાદીએ આંક- થી દાવા જવાબ રજુ કરેલ છે જેની વિગતે જણાવેલ છે કે વાદીનો દાવો ખરો નથી અને શુધ્ધબુધ્ધીની ખામી વાળો છે. પ્રતિવાદીએ વાદીના દાવાની એવી તમામ હકીકતોને કે વાદીએ તેમની ખેતીની જમીનમાં ૫૭૧ જાતની શેરડીનુ વાવેતર કરેલ અને સદર જમીનમાં ઇલેકટ્રીક કનેકશન ધરાવતા અને શેરડીનો પાક તૈયાર થયેલ હોય અને પ્રતિવાદીની ૧૧ કે.વી. લાઇન કે જે ભારે દબાણની ફાફણી એજી ફીડર વાળી લાઇનના ત્રણ વાયરમાંથી એક વાયર તુટી ગયેલ અને તા.૨૪/૯/૧૮ ના રોજ બપોરના ત્રણ વાગ્યાની આસપાસ સ્પાર્ક થતા શેરડીનો પાક સળગી ગયેલ અને બે વીઘાની શેરડી સંપૂર્ણ બળી ગયેલ અને સંપૂર્ણ નકામી થઇ ગયેલ અને બે વીઘા શેરડીના પાકનુ નુકશાન થયેલ હોવાની હકીકત ઈન્કારેલ છે.પ્રતિવાદીએ તેમના દાવાજવાબમાં વાદી તેમની જમીનમાં શેરડીનુ વાવેતર કરતા હોવાની અને જમીન ફળદ્રુપ હોવાની અને વીઘે ૩૦ મેટ્રીક ટન ઉત્પાદન થતુ હોવાની અને બે વીઘાની શેરડી બળી જતા ૬૦ મેટ્રીક ટન શેરડીનુ નુકશાન થયેલ હોવાની અને એક મેટ્રીક

ટનના ઓછામાં ઓછા ૨૨૦૦ રૂપિયા લેખે રૂા.૧,૩૨,૦૦૦/– ની શેરડી સંપૂર્ણ બળી ગયેલ હોવાની અને શેરડીના આગળા પતરી સંપૂર્ણ બળી ગયેલ હોય તેનુ નુકશાન થયેલ હોય તે રીતે રૂા.૧,૫૦,૦૦૦/– નુ નુકશાન થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. પ્રતિવાદીએ તેમના દાવા જવાબ કોડીનાર તાલુકામાં વીજ લાઇનો જરજરીત હોવાની, નિયમીત રીતે બદલવામાં આવતી ન હોવાથી, વારંવાર વાયર તુટવા અને આગ લાગવાના બનાવો બનતા હોવાની કે યોગ્ય જાળવણી કરતા ન હોવાની તેમજ પ્રતિવાદીઓની બેદરકારીના કારણે બનાવ બનેલ હોવાની તેમજ પ્રતિવાદીઓ નુકશાન વળતર ચુકવવા જવાબદાર હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. પ્રતિવાદીએ તેના દાવા જવાબમાં જણાવેલ છે કે, વાદીની દાવા અરજમાં જણાવેલ વિગત મુજબના ક્ષેત્રફળમાં શેરડીનુ વાવેતર હોવાની હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલ છે. તેમજ સ્થળ પરનુ પંચરોજકામ જે પોલીસ મારફત કરવામાં આવેલ છે. તેમા આ કામના વાદીએ તેમની જ્ઞાતિના અને તેમના નજીકના સબંધીઓને પંચ તરીકે ગોઠવી અને પોલીસ મારફત ખોટી હકીકતો દર્શાવતુ અને વધુ વધુ શેરડી બળી ગયેલ હોય અને વાવેતર વધુ ક્ષેત્રફળમાં બતાવેલ હોવાનું જણાયેલ.જે હકીકત પણ માત્ર ઉપજાવી કાઢેલ છે. અને કલેઈમના કામે ખોટી હકીકતો દર્શાવી વધુ નુકશાન મેળવવા માટે ખોટી હકીકતો દર્શાવી પંચરોજકામ વાદીએ તેમના મેળના માણસોને પંચ તરીકે ગોઠવીને કરાવેલ છે. વાદીએ પંચરોજકામમાં કોઈ તટસ્થ પંચોને રાખેલ નથી. જેવી સત્ય હકીકત છુપાવવામાં આવેલ છે. તેવુ પ્રથમ દર્શનીય રીતે માલુમ પડે છે.પ્રતિવાદીએ તેના દાવા જવાબમાં વધુમાં જણાવેલ છે કે,વાદીના જણાવ્યા મુજબ વાયરો તુટી ગયેલ અને સાથેનો એક વાયર થોડો જમીન તરફ ઢળી પડેલ અને વાયરો સ્પાર્ક થવાના કારણે તેમના શેરડીના વાડમા આગ લાગેલી અને શેરડી તથા આગળા પત્રી બળી ગયેલ હોવાની હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલ હોય તેવુ તેમની દાવા અરજ પરથી ફલીત થાય છે. વાદીની દાવા અરજના પેરા–૩ ની હકીકતો વંચાણે લેવામાં આવે તો વાદી જણાવે છે કે, "વિજ લાઈનો જર્જરીત હોય અને તેને બદલવાની જરૂરીયાત હોવા છતા તેવી લાઈનો નિયમિત રીતે બદલવામાં આવતી નથી અને તે અંગે વારંવાર રજુઆતો કરવા છતા પ્રતિવાદીના અધિકારીઓ લાઈનો બદલતા નથી કે તેની યોગ્ય જાળવણી કરતા નથી" તેવુ જણાવેલ. ખરી હકીકતે વાદીએ અમો પ્રતિવાદીની કચેરીમાં પોતાની ખેતીની જમીનમાંથી પસાર થતા વાયરો જર્જરી હોય અને બદલી આપવા માટે કોઈ જ લેખીત રજુઆતો કરવામાં આવેલ નથી. તેવુ સ્પષ્ટ જણાય આવેલ છે. જો વાદીએ પોતાના ખેતરમાંથી વિજ લાઈન જર્જરીત હોવા અંગે કે રીપેરીંગ કરવા અંગે કોઈ રજુઆત કે અરજ અહેવાલ કરેલ હોય તો તેવો આધાર દાવાના કામે રજુ રાખેલ નથી. જેથી પણ વાદીની સદર દાવા માટેની હકીકતો શંકા ઉપજાવે તેવી જણાઈ આવે છે. સદર બનાવ વાયરો સ્પાર્ક થવાના કારણે બનેલ હોય, તે હકીકત ખરી નથી. કારણ કે આગ લાગવાના ઘણા કારણો હોઈ શકે જેવા કે, મજુરો ખેતરમાં

કામ કરતા હોય, બીડી–સીગારેટ પીતા હોય અને સળગતી બીડી કે દિવાસળી શેરડીના વાડમાં નાખેલ હોય તે હકીકત પણ સ્વાભાવિક છે અને આ કારણે પણ આગ લાગવાનો બનાવ બનેલ હોય તે હકીકત પણ માની શકાય તેમ છે. તેમજ ખેતરમાં કામ કરતા મજુરો તથા જમીન માલીકોએ ચા–પાણી માટે ચુલો સળગાવેલ હોય અને તેમાંથી પવનના કારણે તિખારા ઉડવાથી પણ આગ લાગેલી હોય તે હકીકત પણ માની શકાય તેમ છે. આમ માત્ર પ્રતિવાદી કંપનીના ઈલેકટ્રીક વાયરો પસાર થતા હોય આથી પ્રતિવાદી કંપની ઉપર સદર બનાવનો ગેરલાભ લઈ અને કલેઈમની રકમ મેળવવા માટે હાલનો ખોટો દાવો કરેલ છે. પ્રતિવાદી કંપનીમાં તેમના હસ્તકની વિજ લાઈનોના મેઈન્ટેનન્સ માટેસ્ટાફ હોય છે અને પ્રતિવાદી કંપનીના સ્ટાફના માણસો સતત વિજ લાઈનનુ પેટ્રોલીંગ કરતા હોય છે. આથી કોઈપણ જગ્યાએ ફોલ્ટ જણાય અગર વિજ વાયર ઢીલો હોય તો કોઈપણ અકસ્માત ન બને અને જાનમાલને નુકશાન ન જાય. આથી તાત્કાલીક અસરથી વીજ લાઈનનુ રીપેરીંગ કામ થતુ જ હોય છે. તેમજ જર્જરીત વાયરો સબંધે ખેડુતોની અરજના અનુસંધાને પણ તાત્કાલીક અસરથી મરામત તથા બદલી પણ આપવામાં આવતી હોય. હાલના દાવામા વાદીએ પ્રતિવાદી કંપનીને જર્જરીત વાયરો હોવા અંગે કે બદલવા અંગે કોઈ લેખીત જાણ કરેલી હોય તો તે અંગે કોઈ પુરાવો આ કામે વાદીએ રજુ કરેલ નથી. આથી વિજ વાયરો જુના અને જર્જરીત હોવાની વાત માની શકાય નહી અને તેના કારણે સ્પાર્ક થયેલ હોય અને સદર બનાવ બનેલ હોય તે હકીકત પણ માની શકાય તેમ નથી.વાદીએ જે શેરડીનો ભાવની ગણતરી કરેલ છે. તે મુજબનો શેરીનો ભાવ વાસ્તવમાં રાબડાના વેપારી તરફથી આપવામાં આવતો નથી. તેમજ કોઈ નિશ્ચિત ભાવની બાંધણી કાયદેસરના બાંધવામાં આવેલ નથી. તેમજ શેરડીનુ તથા ચારાનું જે નુકશાન બતાવેલ છે. તે હકીકત માત્ર ઉપજાવી કાઢી અને વાદીએ ખોટી ગણતરી કરેલી છે. જે મુજબ દાવાની માંગણી પ્રમાણે નુકશાનીની રકમ વાદીને મળી શકે નહી.સદર દાવાના કામે પ્રતિવાદી એક જાહેર હિત ધરાવતી કંપની હોય અને લોકોના હિતમાં વિજ વિતરણ કરતી સંસ્થા હોય અને તે તેમની જવાબદારી બરાબર સમજે છે. આથી વાદીના કહેવા મુજબનો બનાવ બનવાની શકયતા ઘણીજ નહિવત હોય છે. કારણ કે વિજ લાઈનનુ પેટ્રોલીંગ સતત પ્રતિવાદી કંપનીના માણસો કરતા હોય છે અને જે જગ્યા પર કોઈ ફોલ્ટ જણાય તો સત્વરે સમારકામ કરી રીપેરીંગ કરવામાં આવતુ હોય છે. પ્રતિવાદીએ તેના દાવા જવાબમાં વિશેષમાં જણાવેલ છે કે,૧૫) સદર દાવાના કામે પોલીસ પંચરોજકામમાં પણ વાદીએ તેમના મેળના માણસો રાખી પંચરોજકામ કરાવેલ છે. આથી બે વીઘા જેટલી જમીનમાં રહેલ શેરડીનુ નુકશાન રૂા.૧,૪૦,૦૦૦/– જેટલું જણાવે છે. તે મિલાણીપણાથી પંચરોજકામમાં બતાવેલુ છે. જે હકીકત હાલના દાવાના કામે માની શકાય તેમ નથી. તેમજ પ્રતિવાદી કંપનીના સ્થળ પરના રોજકામમાં વાયરો જુના અને જર્જરીત હોવાની હકીકત જણાવવામાં આવેલ નથી અને વાદીના કહેવા મુજબ સ્પાર્ક થવાના

કારણે સદર બનાવ બનેલ છે. આમ સદર બનાવ બનતા કોઈએ નજરે જોયેલ હોય, તેવા કોઈપણ વ્યક્તિ સદર દાવાના કામે રજુ રાખવામાં આવેલ પુરાવાથી ફલીત થતુ નથી. માત્ર અનુમાન પર સદર બનાવ પ્રતિવાદી કંપનીના વાયરોના સ્પાર્કના કારણે બનેલ હોય તેવુ જણાવે છે. આમ વાદી ખોટી હકીકતો સાથે દાવો લાવેલ હોય, તેમજ ૬૦ મેટ્રીક ટન શેરડીનુ તથા આગળા તથા પત્રીનુ નુકશાન રૂા. ૧,૫૦,૦૦૦/- નુ થયેલ હોવાની ખોટી રજુઆત કરેલ હોય જેથી હાલનો દાવો નામંજુર કરવા અરજ કરેલ છે."

(૪) આ કામે વાદી તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

| મૌખિક પુરાવાઓ | |
|---|---|
| ૧૫ | વાદી: દાનાભાઇ ઉર્ફે દાનસીંહ રાણાભાઇ મોરીનુ સોગંદનામું |
| ૩૦ | સાહેદ : વિશ્વજીતભાઇ બાલુભાઇ મોરીનું સોગંદનામું |

| દસ્તાવેજી પુરાવાઓ | |
|---|---|
| આંક | વિગત |
| ૧૭ | દાનાભાઈએ તા.૨૪/૯/૧૯ ના રોજ પોલિસને જાણ કર્યાની સ્થળપ્રત અસલ |
| ૧૮ | દાનાભાઈએ કોડીનાર ઈજનેરની આપેલ અરજની સ્થળપ્રત તા.૨૪/૯/૧૯ ની અસલ |
| ૧૯ | પંચરોજકામ મળવા આપેલ અરજની સ્થળપ્રત |
| ૨૦ | પોલિસ પંચનામાની ખરી નકલ તા.૫/૧૦/૧૯ |
| ૨૧ | ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ, ગાંધીનગરનો લેબોરેટરી રીપોર્ટની ખરી નકલ |
| ૨૨ | જી.ઈ.બી.ના તા.૨૬/૯/૧૯ ના પંચરોજકામની ખરી નકલ નકશા સાથે |
| ૨૩ | ગામ નમુના નં.૮-અ ના મીતીયાજના ખાતા નં.૮૪ ની ખરી નકલ |
| ૨૪ | મીતીયાજ ગામની સ.નં.૪૧૫ પૈ.૧ નો ગામ નમુના નં.૧૨ ની ખરી નકલ |
| ૨૫ | મીતીયાજ ગામની સ.નં.૪૧૫ પૈ.૧ નો ગામ નમુના નં.૭ ની ખરી નકલ |
| ૨૬ | વાદીના નામનું તા.૨૫/૨/૧૯ નું ઈલેકટ્રીક અસલ બીલ ભર્યાની પાવતી |
| ૩૪ | કલોઝિંગ પુરસીસ |

(૪.૧) આ કામે પ્રતિવાદી તરફે મૌખિક પુરાવાઓ નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

| મૌખિક પુરાવાઓ | |
|---|---|
| ૩૩ | પ્રતિવાદી : મહેશભાઇ વિનુભાઇ ટાંટડનું સોગંદનામું |

(૫) આ કામે વાદીઓના દાવા અરજીની તથા પ્રતિવાદીઓના જવાબ ની તમામ હકીકતોને ધ્યાને લઇને મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ નીચે મુજબના મુદા આંક-૧૩થી ઘડી દાવાનો

ન્યાયિક નિર્ણય કરવા માટે ઉપસ્થિત કરેલ છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું વાદી સાબીત કરે છે કે પ્રતિવાદી કંપનીની ગફલત અને નિષ્કાળજીના કારણે વાદીના ખેતરના શેરડીના પાકમાં આગ લાગવાથી નુકસાન થયેલ છે ?

(૨) શું વાદી માંગ્યા મુજબનુ વળતર પ્રતિવાદી કંપની પાસેથી મેળવવા હકદાર છે ?

(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામું?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણય નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| મુદ્દા નં.૧ | – | હકારમાં |
| મુદ્દા નં.૨ | – | નકારમાં |
| મુદ્દા નં.૩ | – | નકારમાં |
| મુદ્દા નં.૪ | – | આખરી હુકમ મુજબ. |

**(૭)** આ કામે ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**-:: કારણો ::-**

**(૭.૧)** હાલના ઉપરોક્ત ઇશ્યુનો બોજો વાદી ઉપર મુકવામા આવેલ છે વાદી એ તેની દાવાની હકીકત સાબીત કરવા સારૂ આંક-૧૫ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે જેમા મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, વાદી મીતીયાજ ગામે ખાતા નં.૧૦૮૧ સ.નં.૪૧૫ પૈ.૧ ની હે.૦ આરે ૯૯ ચો.મી.૦૬ વાળી જમીન ધરાવે છે અને સને ૨૦૧૮ ના અરસામાં ૫૭૧ ની જાતવાળી શેરડીનું વાવેતર કરેલુ છે વાદી દાવાવાળી જમીનમાં ઇલે.કનેકશન ધરાવે છે જેનો ગ્રાહક નં.૮૭૪૭/૭૪/૦૦૮૪૯/એસ છે અને જમીનમાં કુવો આવેલો છે. શેરડીમાં વાવેતર કર્યા બાદ ખાતર દવા પાણી વાળી શેરડી તૈયાર કરેલ અને ડિસેમ્બર-૧૯ માં સંપુર્ણપણે તૈયાર થઇ જવાનો હતો. વાદીના ખેતર ઉપરથી ૧૧ કે.વી. લાઇન દાનાભાઇ રાણાભાઇ મોરીના ખેતર તરફ પસાર થાય છે જેમાં ત્રણ વાયરો છે એક ગાંડાભાઇ કાનાભાઇ મોરીની વાવ તરફ જાય છે જેમા ત્રણ પોલ પીનસેક્સ વાયરો છે જેમાંથી એક વાયર તુટી ગયેલ અને એક વાયર જમીન પર ઢળી પડેલ અને તેમાં સ્પાર્ક થવાના કારણે તા.૨૪/૯/૧૯ ના રોજ ત્રણ વાગ્યે શેરડીનો પાક સળગી ગયેલ, વાદીએ આગ ઓલવવાનો પ્રયત્ન કરેલ પરંતુ, ચાર વિઘા શેરડીમાંથી બે વિઘા શેરડી સંપુર્ણપણે બળી ગયેલ અને બે વિઘા શેરડી થોડા નુકશાન સાથે બચાવી લેવામાં આવેલ, બે વિઘા શેરડી સંપુર્ણપણે નકામી થઇ ગયેલ હોય, ફેક્ટરી વર્ષોથી બંધ થયેલ હોય અને રાબડા શરૂ થયેલા ન હોય જેથી બળી ગયેલી શેરડી ખેતરમાં નાખી દિધેલ. વાદીએ વધુમાં

જણાવેલ છે કે, તેમની ફળદ્રુપ જમીન હોવાથી એક વિઘામાં ૩૦ મેટ્રીક ટન એમ બે વિઘામાં ૬૦ મેટ્રીક ટન શેરડી બળી ગયેલ શેરડી રાબડામાં મોકલવાની હોવાથી એક મેટ્રીક ટનના ઓછામા ઓછા રૂા.૨૨,૦૦૦/-થતા હોય, ૬૦ મેટ્રીક ટન શેરડી રૂા.૧,૩૨,૦૦૦/-નો સંપુર્ણપણે બળી ગયેલ અને ઓછામા ઓછા રૂા.૧૮,૦૦૦/-નું વેચાણ શરેડીના આગળા તથા પતરીનુ થવાનું હોય કુલ રૂા.૧,૫૦,૦૦૦/-નું નુકશાન થયેલુ. ઉપરોકત બનાવ પ્રતિવાદીની બેદરકારીના કારણે બનેલ અને પ્રતિવાદીએ ઇલે.લાઇન અને થાંભલા વગેરે ઇન્ડીયન ઇલેક્ટ્રીસીટી રૂલ મુજબ નીભાવેલ ન હોય અને કોડીનાર તાલુકાની વિજ લાઇન જર્ઝરીત હોય જે બદલવાની જરૂર હોવા છતાં નિયમીતરીતે બદલાવવામાં આવતી ન હોય, લાઇનોમાં અનુમાન કરતા વધુ વિજ પુરવઠો પસાર કરવામાં આવતો હોય જેના કારણે વારંવાર વાયર તુટવાથી આગ લાગવાના અને જાનહાની થવાના બનાવ બને છે, જે બાબતની વારંવાર રજુઆત કરવા છતાં પ્રતિવાદીના અધિકારી લાઇન બદલતા નથી અને તેની યોગ્ય જાળવણી કરતા નથી. જેથી પ્રતિવાદીની લાઇન જાળવણીમાં બેદરકારી હોવાથી વાદીના ખેતરમાં વાયર તુટી જતા સ્પાર્ક થવાથી શેરડીના ખેતરમાં આગ લાગવાથી વાદીને દોઢ લાખનું નુકશાન થયેલાનો પુરાવો આપેલ છે. હાલના સાહેદની ઉલટતપાસ થતા વાદીએ કબુલ કરેલ છે કે, બળેલી શેરડી બાબતે તલાટી કમ મંત્રી રૂબરૂ રોજકામ કરાવેલ નથી, વધુમાં બળી ગયેલી શેરડી બાબતે તેને ખેતરમાં નાંખી દેવા બાબતે તલાટી રૂબરૂ કોઇ પંચનામુ કરેલ નથી. જમીન ફળદ્રુપ હોવા બાબતે કોઇ પ્રમાણપત્ર રજુ કરેલ નથી અને શેરડીનું બીયારણ નબળુ આવી જાય તો ઉપજ ઘટી શકે, એક વિઘે ૩૦ મેટ્રીક ટન વાવેતર થયેલ હોવાનુ પ્રમાણપત્ર રજુ કરેલ નથી. સને ૨૦૧૧ની સાલમાં માલીકે બહાર પાડેલા ભાવના વધારાનો ભાવ રજુ કરેલ નથી, વાદીની જમીનમાં વાયર જર્ઝરીત હોવા બાબતે કંપનીની કોઇ લેખીત જાણકારી નથી, વધારે પાવરના કારણે વાયરો ભેગા થવાથી પણ સ્પાર્ક થઇ શકે જેવી હકીકત કબુલ કરેલી છે, તે સીવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે. વાદી તરફે આંક-૩૦ થી સાહેદ વિશ્વજીતભાઇ બાલુભાઇ મોરીનાઓને તપાસવામાં આવેલ છે. જેમાં હાલના સાહેદે તેની સરતપાસમાં જણાવેલ છે કે, વાદીએ તેના ખેતરમાં શેરડીની વાવણી કરેલી હતી અને વીજ વાયર તુટી પડતા ઉભેલા શેરડીના પાકમાં તા. ૨૫/૦૯/૧૯ ના રોજ આગ લાગેલી અને બે વીઘા શેરડી બળી ગયેલી જેના પંચનામા માટે કોડીનાર પોલીસે પંચ તરીકે હાલના સાહેદને બોલાવેલા જેમા બીજા પંચ તરીકે ભાણાભાઇ દુદાભાઇ બારડ હતા જેનુ અવસાન થયેલ છે. પોલીસે બનાવવાળી જગ્યાનુ પંચનામુ હાલના સાહેદની હાજરીમા કરેલ છે. જેમાં પ્રથમ પંચ તરીકે હાલના સાહેદની સહી તથા બીજા પંચ તરીકે ગુજરનાર ભાણાભાઇ દુદાભાઇ ની સહી છે અને બે વીઘામાં બળી ગયેલ શેરડીને નુકશાન

આશરે રૂા.૧,૪૦,૦૦૦/–નું થયાનુ જણાવેલ. હાલના સાહેદની ઊટતપાસમાં સાહેદ તરફે કબુલ કરવામાં આવેલ છે કે, બનાવ તા.૨૪/૦૯/૧૯ ના રોજ બનેલો. બનાવ વીજલાઈનનો વાયર તુટી ગયેલ જેથી બનેલો. દાવાના કામે પ્રતિવાદી તરફે મહેશભાઈ વીનુભાઈ ટાંટડ નાઓએ સરતપાસના સોગંદનામુ રજુ કરેલ છે. જેમા વાદીની હકીકતનો ઈન્કાર કરેલ છે અને એવુ જણાવેલ છે કે, વાદીના દાવા મુજબ બનાવ સ્પાર્ક થવાના કારણે બનેલો તેવા કોઈ કારણો નજરે જોનાર સાહેદના પુરાવામા રજુ કરવામાં આવેલ નથી. વાદી તરફે જે પંચનામામાં નુકશાન રૂા.૧,૪૦,૦૦૦/–જણાવવામાં આવે છે તે મિલાપીપણથી પંચરોજકામમાંથી જણાવવામાં આવેલ છે. વાદીની ખેતરની શેરડી પ્રતિવાદીની બેદરકારીના કારણે બળી ગયેલ હોય તે વાદી હકીકત ખોટી જણાવતા હોય તેવો પુરાવો આપેલ છે. હાલના સાહેદની ઉલટતપાસ થતા સાહેદ કબુલ રાખેલ છે કે તા.૨૪/૯/૧૯ ના રોજ વાદી ખેતરમાં સ્પાર્કીંગના કારણે આગળ લાગેલી જે બાબતે વાદીએ હાલના સાહેદની ઓફીસમાં અરજી આપેલ. જે અરજીના અનુસંધાને હાલના સાહેદે તા.૨૬/૯/૧૯ ના રોજ રોજકામ કરેલ અને તે રોજકામ સ્થળ પર જઈને કરેલુ અને સ્થળ પર જે હકીકત લાગી તે મુજબ રોજકામ કરેલ, રોજકામમા જે સ્થીતી જણાવેલી છે તે સાહેદની તપાસમાં આવેલ. બનાવવાળા સ્થળે ૧૧ કે.વી.ના ત્રણ વાયરો પસાર થાય છે. જેમા એક ગાંડાભાઈ મોરીના ખેતર તરફ જાય છે જેમાંથી એક જંપ્પર તુટી ગયેલી અને એક વાયર લાઈનમાંથી ઢીલો પડી ગયેલ અને મને સ્થળ પર જોતા એવુ લાગેલુ કે આ કારણે શેરડીના વાડમાં આગ લાગી, શેરડીનો બે વીઘાનો વાડ અમારી તપાસમાં બળી ગયેલાનું ખુલેલુ. જંપ્પર તુટી જવાનુ અને વાયર નીચે આવી જવાનું ટેક્નીકલ કારણ હોઈ શકે. હાલના સાહેદે કબુલ રાખેલ છે કે, કહેવાતી લાઈન કઈ તારીખે, કયા મહીને, કયા વર્ષે મેઈનટેઈન્સ કરવામાં આવેલી, તે કહી શકાતુ નથી. વધુમાં સાહેદ જણાવે છે કે, ટેકનીકલ ખામી ગમે ત્યારે આવી શકે, જ્યારે લાઈન તુટવાનુ કારણ પ્રતિવાદીની બેદરકારીના કારણે બને છે, તેવો સવાલ પુછતા પ્રતિવાદીએ ઈન્કાર કરેલ છે. વાદી તરફે રજુ મૌખિક પુરાવા તથા તેમના સાહેદનો પુરાવો તેમજ પ્રતિવાદી તરફેનો પુરાવાની સાથે સાથે દાવાના કામે આંક–૨૦થી પંચનામુ, આંક–૨૧ થી સ્થળ પરીક્ષણ અહેવાલ, આંક–૨૨ થી પી.જી.વી.સી.એલ. દ્બારા કરવામાં આવેલ રોજકામ, આંક–૨૩ થી મીતીયાજ ખાતા નં.૮૪ સ.નં. ૪૧૫ પૈકી ૧ નું ગા.ન.નં. ૮–અ, આંક–૨૪ થી ઉપરોકત સ.નં.૧૨, આંક–૨૫ થી ઉપરોકત સ.નં.ની ગા.ન.નં.૭, આંક–૨૬ થી લાઈટનું બીલ રજુ કરવામાં આવેલ છે. વાદી તથા પ્રતિવાદીનો પુરાવો જોતા એ હકીકત નીર્વીવાહીત છે કે વાદીના ખેતરમાં આગ લાગવાથી તેમની શેરડીનો પાક આશરે બે વીઘા સંપૂર્ણ બળી ગયેલ જયારે બે વીઘાની નુકશાની થયેલી. ઉપરોકત હકીકત આંક–૨૦ ના પંચનામા તથા આંક–૨૨

થી પી.જી.વી.સી.એલ.નાએ કરેલ રોજકામ ઉપરથી જણાય આવે છે. વાદીએ તેની દાવા અરજીમાં એક વીઘે ૩૦ મેટ્રીક ટન અને બે વીઘામાં ૬૦ મેટ્રીક ટન શેરડી બળી ગયેલાનુ જણાવેલ છે પરંતુ તેમની જમીન એક વિઘા દીઠ ૩૦ મેટ્રીક ટન શેરડી ઉપજ કરતી હોય, તે બતાવતો કોઇ પુરાવો આ કામે રજુ કરેલ નથી. વાદી તરફે બનાવવાળી જગ્યાનું તલાટી કમ મંત્રી દ્વારા કોઇ રોજકામ કરવામાં આવેલ નથી એટલુ જ નહી પરંતુ વાદીએ એક મેટ્રીક ટનના રૂા.૨૨,૦૦૦/- લેખે ૬૦ મેટ્રીક ટનના રૂા.૧,૩૨,૦૦૦/- નુ નુકશાન થયાની હકીકત જણાવેલ છે પરંતુ બનાવ સમયે ૧ મેટ્રીક ટનનો ભાવ રૂા.૨૨,૦૦૦/- હતો તે બતાવતો કોઇ દસ્તાવેજી પુરાવો વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી કે કોઇ સરકારી ભાવ જે-તે સમયે એક મેટ્રીક ટનનો રૂા.૨૨,૦૦૦/- હતો તે હકીકત દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે રાબડાના વેપારીઓ બનાવ સમયે ૧ મેટ્રીક ટનના રૂા.૨૨,૦૦૦/- નકકી કરેલી તે દર્શાવતો કોઇ પુરાવો વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં પ્રતિવાદી નાઓના કોડીનાર તાલુકાના વીજ લાઇન જર્ઝરીત હતા અને તેને બદલાવવાની જરૂર હતી તે બાબતની કોઇ રજુઆત હાલના વાદીએ પ્રીતવાદી સમક્ષ કરેલ નથી અને જો કરેલ હોય તો તેવો કોઇ પુરાવો હાલના દાવાના કામે રજુ કરવામાં આવેલ નથી. જયારે કોઇ વાદી ડેમેજ એન્ડ કન્વર્ઝેશનનો દાવો લાવતા હોય ત્યારે જે બાબતનુ નુકશાન થયેલ હોય તેની બજારમાં ચાલતી કિંમતનો પુરાવો રજુ કરવો જોઇએ કે તે બાબતનુ ફેર એન્ડ રેમ્યુનરેટીવ પ્રાઇઝ સહમતથી રાજય સરકારનો દર રજુ કરવો જોઇએ. કૃષી અધિકારી, નિષ્ણાંત કે અન્ય વિશ્વસનીય સાક્ષીઓનો પુરાવો રજુ કરવો જોઇએ. પાકનું અંદાજીત ઉત્પાદન અને થયેલ વાસ્તવીક નુકશાન પુરાવાથી સાબીત કરવુ જોઇએ. જો વાદીએ વળતરનો દાવો કરેલો હોય તો ઉપરોકત હકીકત તેઓએ તેમના પુરાવાથી સાબીત કરવી પડે છે. જો વાદી હાલના દાવાના નુકશાનનો કલેઇમ કરતા હોય તેની ગણતરી કરવા માટેનો કોઇ આધાર હોવો જોઇએ જો ગણતરીનો આધાર ન હોય તો માત્ર મને આટલુ નુકશાન થયેલ છે, એવી હકીકત પુરતો દાવો માની શકાય નહી. આમ, જ્યારે વાદીએ પોતાનુ નુકશાન પુરાવાથી સાબીત કરેલ ન હોય ત્યારે વળતરની રકમ અનુમાનના આધારે આપી શકાય નહી, જેથી વળતરનો દાવો મંજુર કરવા પાત્ર બનતો નથી. આમ, ઉપરોકત ચર્ચા મુજબ એ હકીકત વાદી સાબીત કરવામાં સફળ થયેલા છે કે, તેમના ખેતરમાં શેરડીનો પાક ઉભો હતો તે બળી ગયેલ છે અને તેનાથી વાદીને નુકશાન થયેલ છે તે હકીકત વાદી સાબીત કરવામાં સફળ થયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે પરંતુ જયાં સુધી વાદીએ તેની અરજીમાં જણાવેલ મુજબની રકમનુ નુકશાન થયેલાની હકીકત બાબતે સંબધ છે તો વાદી એ તે હકીકત પોતાના મૌખિક પુરાવા સીવાય કોઇ દસ્તાવેજી પુરાવાથી સાબીત કરવામાં સફળ થયેલ

નથી અને જયારે વાદી ઉપરોકત બાબત સાબીત કરવામાં સફળ થયેલ ન હોય ત્યારે વાદી પ્રતિવાદી કંપની પાસેથી અનુમાનના આધારે કોઇ વળતર મેળવવા હકકદાર રહેતા નથી. ઉપરોકત ચર્ચા મુજબ વાદી તેની દાવાની હકીકત સંપૂર્ણપણે સાબીત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ હકારમા, મુદ્દા નં.૨,૩ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૪ લગત નીચે મુજબ હુકમ ફરમાવું છુ.

**–:: આખરી હુકમ ::–**

(૧) વાદીનો દાવો આથી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

સદર હુકમ આજરોજ તા.૩૧, માહે: જુલાઇ, સને : ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

Place : Kodinar
Dated: 31-07-2026

(Sajjadhusen Sagirkhan Pathan)
Principal Senior Civil & Addi.
Chief Judicial Magistrate,
Kodinar, Judge Code: GJ 01273